# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SUNDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

****************************************************

1) મગફળી, મગ, સોયાબીન અને અડદના ટેકાના ભાવે વેચાણ માટે હવે 24 ઓક્ટોબર સુધી નોંધણી કરાવી શકાશે.

2) એકતા નગર ખાતે આવતીકાલથી માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિર યોજાશે.

3) **રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાયો.**

4) રાજકોટ અને ગોવા વચ્ચે સીધી હવાઈ સેવા ફરી શરૂ થશે.

5) અમદાવાદ ગ્રામ્ય અને રેલવે પોલીસે 4 કરોડ રૂપિયાના સોના સાથે ચાર શખ્સને ઝડપી લીધા.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# TEKA NA BHAV

મગફળી, મગ, સોયાબીન અને અડદના ટેકાના ભાવે વેચાણ માટે હવે 24 ઓકટોબર સુધી નોંધણી કરાવી શકાશે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઈ ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણીની મુદતમાં 15 દિવસનો વધારો કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે રવિ ઋતુમાં પ્રમાણિત બિયારણ, સીડ મિની કીટ અને નિદર્શન ઘટકોનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવા 'આઈ-ખેડૂત પોર્ટલ' પણ આજથી ખુલ્લુ મુકાયું છે.

(બાઇટ : જીતુ વાઘાણી, કૃષિ મંત્રી)

*("આઈ-ખેડૂત પોર્ટલ દ્વારા વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે ખેડૂતો એ અરજી કરી શકશે સાથે સાથે ટેકાના ભાવની ખરીદી માટે માનનીય મોદી સાહેબે એમએસપી પ્રાઇઝમાં પણ વધારો કર્યો છે. એમાં પણ અમારા વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે કે જે નોંધણી 9/10 એ 26 એ પૂરી થવાની હતી એમાં પણ કેટલીક રજૂઆતના અનુસંધાને ધારા સભ્ય એમપીશ્રીઓ કિસાનો દ્વારા 15 દિવસ વધારાની મુદત એ પણ લંબાવવાનો નિર્ણય એ રાજ્યની સરકારે કર્યો છે.")*

# SANGHVI AYUCON

દક્ષિણ ગુજરાતના આયુર્વેદ અને યુનાની તબીબો માટે એક દિવસની 'વંદે આયુ કોન' આયુર્વેદ પરિષદ આજે સુરતના સરસાણા ખાતે યોજાઇ. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી આ પરિષદમાં આયુર્વેદ તબીબો, વૈદ્યો અને આરોગ્ય ક્ષેત્રના નિષ્ણાતોએ ભાગ લીધો.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું કે, આયુર્વેદ ભારતની એવી પ્રાચીન પરંપરા છે, જેણે સમગ્ર વિશ્વને સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવાની રીત આપી છે. તેમણે આયુર્વેદના પ્રચાર-પ્રસાર, સંશોધન અને આધુનિક ટેકનોલોજી સાથેના સમન્વય દ્વારા આ પ્રાચીન ચિકિત્સા પદ્ધતિને વધુ વ્યાપક બનાવવા માટે સૌને અપીલ કરી.

# EKTANAGAR CHINTAN SHIBIR

એકતા નગર ખાતે આવતીકાલથી માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિર યોજાશે, જેમાં દેશમાં ધોરીમાર્ગ માળખાના વિકાસ અંગેના મુખ્ય મુદ્દાઓ પર વિચાર-વિમર્શ કરવા માટે કેન્દ્ર, રાજ્યો અને અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે.આવતીકાલે ઉદ્ઘાટન સત્રમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી અને રાજ્ય કક્ષાના મંત્રી અજય ટમટા અને હર્ષ મલ્હોત્રા સંબોધન કરશે.

બે દિવસીય પરિષદ હાઇવે ક્ષેત્રે પ્રોજેક્ટ ડિલિવરી, ગુણવત્તા, સુરક્ષા અને કાર્યક્ષમતામાં સુધારો લાવવા માટે નીતિગત અને સંસ્થાકીય હસ્તક્ષેપ સાથે મુખ્ય અમલીકરણ પડકારોની ઓળખ કરવા અને નવીન તથા પુનરાવર્તિત કરી શકાય તેવા અભિગમો પર વિચાર-વિમર્શ કરાશે.

# GOVERNOR-IN-OFFICE CEREMONY

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં આજે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૬મો પદવીદાન સમારોહ યોજાયો. ભુજ ખાતે આયોજિત આ સમારોહમાં ૬ હજાર ૯૮૯ વિદ્યાર્થીઓને અનુસ્નાતક અને સ્નાતકની પદવી તથા ૪૩ વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ એનાયત કરાયા, તેમજ પીએચડી થયેલા ૨૭ છાત્રોને પ્રોત્સાહિત કરાયા હતા.

આ તકે, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે, યુવાનોએ પોતાના કાર્યક્ષેત્રમાં નિતિમત્તા અને સમપર્ણ સાથે સેવાની ભાવના વિકસાવી, સશક્ત ભારતના નિર્માણ માટે આગળ આવવું જોઈએ .આ પ્રસંગે યુનિવર્સિટી કેમ્પસમાં નિર્મિત નમો ડિજિટલ લાઇબ્રેરી તથા સ્કીલ સેન્ટરનું રાજ્યપાલના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું .

# PATIL NAVSARI

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે નવસારી જિલ્લાના લુન્સીકુઈ ચોપાટી ખાતે આજે વેપારીઓને 45 નવી સ્ટીલની હાથ ગાડીઓનું વિતરણ કર્યું. શહેરોમાં જૂની હાથ ગાડીઓનો સર્વે કર્યા બાદ સ્ટીલની અંદાજે 700 હાથગાડીઓ પૂરી પાડવાનો નિર્ણય લેવાયો હોવાનું શ્રી પાટીલે જણાવ્યું.

(બાઇટ : સી. આર. પાટીલ, કેન્દ્રીય મંત્રી)

*("બજારી લારીઓ પોતપોતાની અલગ અલગ ડિઝાઇનની હતી, કેટલીક ખૂબ જૂની હતી. આખા નવસારીમાં એક સરખી લારીઓ એના માટેનો સર્વે કરાવીને લગભગ 700 લારીઓ જે તમે અહીં જોઈ શકો છો કે સ્ટીલ બોડીની આ લારીઓ આપવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો હતો. માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબ જ્યારે પધાર્યા ત્યારે 25 લારીઓ ટોકન આપવામાં આવી હતી. આજે બીજી 45 લારીઓ આપવામાં આવી છે અને કુલ મળીને 700 લારીઓ ખૂબ ઓછા સમયમાં નવી જેમ બનતી જાય તેમ બધાને ડિલેવર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.")*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAJKOT-GOA FLIGHT

ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા મોનસૂન શેડ્યૂલ દરમિયાન છ મહિનાથી બંધ કરાયેલી રાજકોટ-ગોવા ડાયરેક્ટ ફ્લાઇટ સેવા 25 ઓક્ટોબરથી ફરી શરૂ કરવામાં આવી રહી છે. વિન્ટર શેડ્યૂલ અંતર્ગત 25 ઓક્ટોબર, 2026 થી 27 માર્ચ, 2027 સુધી શરૂ થનારી આ ફ્લાઇટ સપ્તાહમાં ચાર દિવસ ઉડાન ભરશે. જે સૌરાષ્ટ્રના પ્રવાસન ક્ષેત્ર અને વેપાર-રોજગાર માટે પણ ફાયદાકારક સાબિત થશે.

આગામી તહેવારોની સીઝન અને શિયાળુ વેકેશન દરમિયાન સૌરાષ્ટ્રમાંથી ગોવા જતા સહેલાણીઓની સંખ્યા નોંધપાત્ર હોય છે, ત્યારે ડાયરેક્ટ વિમાની સેવાને કારણે મુસાફરીનો સમય ઘટશે અને અન્ય એરપોર્ટ પરથી કનેક્ટિંગ ફ્લાઇટ લેવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

# IMP ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

(વોઇસઓવર : PTC JAHERAT NEWS RNU)

# SEVA SANKALP ABHIYAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત  વિવિધ કાર્યક્રમો યોજાઈ  રહ્યા છે .**

**પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને રાજ્યમંત્રી કૌશિક વેકરિયા સહિતના અગ્રણીઓ દ્વારા મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે પહોંચેલી 'સેવા સંકલ્પ યાત્રા'નું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ અંગે શ્રી વેકરિયાએ વધુ માહિતી આપી.**

**(બાઈટ : કૌશિકભાઈ વેકરિયા (રાજ્ય કક્ષા મંત્રી)**

*(આ કાર્યક્રમ યુવાનો સાથે સંવાદ અને રમત-ગમતની પ્રવૃત્તિઓથી ભરપૂર રહ્યો હતો. અલગ-અલગ આરોગ્યને લગતા કાર્યક્રમો પણ યોજાયા હતા. આ પ્રકારના કાર્યક્રમો યોજીને, જે રીતે સેવાયાત્રા આગળ વધી રહી છે અને આગામી ૭ તારીખે વર્ધમાનયાત્રા પહોંચવાની છે)*

**વલસાડમાં  જિલ્લા માહિતી કચેરીની ટીમે જળદેવી મંદિરથી  લઈને આંધિયાવાડ સુધી સફાઈ કરી હતી. અને વર્ષો જૂનો કચરો દૂર કરી શહીદ ચોકના લારી-ગલ્લા અને પાથરણાવાળાઓને સ્વચ્છતા જાળવવા સમજણ આપી હતી.**

# KHEDA GOLD CASE

અમદાવાદ ગ્રામ્ય અને રેલવે પોલીસ 4 કરોડ રૂપિયાના સોના સાથે ચાર શખ્સને ઝડપી લીધા. પોલીસની સંયુક્ત ટીમોએ વિરમગામ નજીક એક આરોપીને ઝડપી ત્યારબાદ તેની પૂછપરછ કર્યા પછી અન્ય ત્રણ આરોપીને પણ ઝડપી પાડવામાં સફળતા મળી. આ સાથે ખેડા રેલવે સ્ટેશન પર બનેલી સોનાની લૂંટનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો છે. આ અંગે અમદાવાદ ગ્રામ્ય SP ઓમપ્રકાશ જાટે વધુ માહિતી આપી.

(બાઇટ : ઓમપ્રકાશ જાટ, SP)

***"हमारे जो पीआई गढ़वी है, उन्होंने तुरंत छलांग लगा के उस दूसरी गाड़ी में प्रवेश किया और गाड़ी की स्टेरिंग का कंट्रोल लिया और जो इमरजेंसी ब्रेक है वो लगा के 500 मीटर लगभग इसको घसीट के ले गए थे और इतनी बहादुरी के साथ उन्होंने पूरे ऑपरेशन को अंजाम दिया, मतलब ये हमारे लिए एक बहुत ही गर्व का विषय है और उसके बाद में तीन आरोपी हमने पकड़े वहां से और साथ ही साथ जो है पूरा चार करोड़ का मुद्दा माल 100% हमने रिकवर किया और बाकी एक आरोपी इस पूरी कार्रवाई के दौरान भाग गया था, जिसको सुबह लगभग चार बजे के आसपास हमने कोम्बिंग ऑपरेशन करके पकड़ा था।"***

# BHAVNAGAR FAKE REPORT

ભાવનગર જિલ્લાના  ભોજપરા ગામે એક કંપનીના દૂધના ફેટ અને ખોટા રિપોર્ટ બનાવી ગેરરીતિ કરનાર છ આરોપીને પોલીસ ઝડપી લીધા છે. આરોપીઓએ દૂધના ખોટા રિપોર્ટ બનાવી ત્રણ લાખ 53 હજારથી વધુની ગેરરીતિ કરી હોવાનું સામે આવ્યું હતું. કંપનીના મેનેજિંગ ડિરેક્ટરની ફરિયાદના આધારે વેળાવદર ભાલ, તળાજા અને ભરતનગર પોલીસ મથકમાં અલગ-અલગ ગુના નોંધાયા હતા. પોલીસે ત્રણેય ગુનાની તપાસ હાથ ધરી આરોપીઓના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવાની તજવીજ શરૂ કરી છે.

# SABARMATI TRAIN SYSTEM

પશ્ચિમ રેલવેના ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો સાબરમતી ખાતે પ્રથમ વખત રિટ્રેક્ટેબલ ઓવરહેડ ઇક્વિપમેન્ટ -OHE પ્રણાલી સ્થાપિત કરવામાં આવી છે. ડેપો પરિસરમાં કુલ 620 મીટરની લંબાઈમાં આ આધુનિક વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ પ્રણાલી ઇલેક્ટ્રિક લોકોમોટિવને ટ્રેક્શન પાવર પ્રદાન કરે છે, તેમજ જરૂરિયાત મુજબ કંડક્ટર રેલને યાંત્રિક રૂપે હટાવવાની સુવિધા પણ આપે છે, જેથી જાળવણીના કામ દરમિયાન પૂરતું ઓવરહેડ ક્લિયરન્સ સુનિશ્ચિત કરી શકાય.